PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૬૬૩-૩ તારીખ : ૨૫-૦૫-૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી કુંવરજીભાઈ મોહનભાઈ બેડીયા
સિલ્વર કન્ઝયુમર ઇલેક્ટ્રિકલસ પ્રા.લી., કાન્તા વિકાસ ગૃહ ચોક, ઢેબર રોડ ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૧
મોબાઈલ : ૯૮૨૫૨૧૫૬૧૦

વિષય : એલ.ટી. કનેક્શન માટે ભરપાઈ કરેલ રકમ પરત મેળવવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૫/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પારડી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૫/ક્વા-૪/૨૨-૨૩/** 1583-3 **તા.** ૨૫.૦૫.૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૫/ક્વા-૪/૨૨-૨૩, તા.૧૫-૦૩-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી કુંવરજીભાઈ મોહનભાઈ બેડીયા, મુ : રાજકોટ |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે સાવન કે. કૈલા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી કે.એચ.બક્ષી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૧૩.૦૪.૨૦૨૩ (ગુરૂવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૦૪.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રીની રજુઆત મુજબ રીબડા ગામ ખાતે કુંવરજીભાઈ મોહનભાઈ બેડીયાના નામથી ૧૦૦ કિ.વો.ના એલ.ટી. વીજજોડાણની માંગણી કરેલ હતી. જે કનેક્શન માટે પીજીવીસીએલ દ્વારા સર્વે કરીને તેઓને તા.૩૦.૦૫.૨૦૨૦ ના રોજ એસ્ટીમેટ આપવામાં આવેલ હતું. જે એસ્ટીમેટ તેઓ દ્વારા તા.૧૫.૦૬.૨૦૨૦ ના રોજ ભરપાઈ કરેલ હતું ત્યારબાદ તેઓને એગ્રીમેન્ટ માટે પારડી પેટાવિભાગીય કચેરીએ બોલાવી એગ્રીમેન્ટ કરેલ હતું. પરંતુ તેઓએ કચેરીએ તપાસ કરેલ તો તેમને જણાવેલ કે આ કનેક્શનમાં રેલ્વે ક્રોસિંગ આવતું હોવાથી તેઓને વીજકનેક્શન આપવામાં અડચણ થવાથી વીજલાઈન આવી શકે તેમ ન હોવાથી એસ્ટીમેટની રકમ રીફંડ મેળવવા માટેની અરજી કરી આપો જેથી તા.૨૬.૧૦.૨૦૨૦ ના રોજ ઓરિજિનલ રિસીપ્ટ સાથે રિફંડની અરજી કરી આપેલ છે. જે મુજબ રૂ.૪૨૩૩૩૮=૦૦ તાત્કાલિક પરત મળે તે માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારશ્રી કુંવરજીભાઈ મોહનભાઈ બેડીયા દ્વારા એલ.ટી.એમ.ડી. ટેરીફનું ૧૦૦ કી.વો. નું ઔદ્યોગિક વીજજોડાણ મેળવવા માટે તા.૨૦.૦૩.૨૦૨૦ ના રોજ નોંધણી કરેલ જેના ભાવપત્રકની રકમ રૂ.૪૨૩૩૩૮.૦૦ નું અરજદાર દ્વારા તા.૧૫.૦૬.૨૦૨૦ ના રોજ ભરપાઈ કરેલ હતી.

૩.૧ સદર ગ્રાહક દ્વારા ઉપરોકત કનેકશન માટેનું તા.૧૫.૦૬.૨૦૨૦ ના રોજ એગ્રીમેન્ટ કરેલ હતું. ત્યારબાદ સદર ગ્રાહકને નાઇ/પીએસડી/રેવ/૨૮૫૯ તા.૧૮.૦૭.૨૦૨૦ ના રોજ અત્રેની કચેરીના પત્ર દ્વારા જણાવેલ હતું કે સદર કનેકશન સબબ ઉભી કરેલ લાઈન નેશનલ હાઈવેની રેન્જમાં આવતી હોઈ આ સમસ્યાનું નિરાકરણ થયા બાદ જ આપના કનેકશન માટેની જરૂરી કાર્યવાહી આગળ વધશે.

સદર અરજદારશ્રીની પારડી પેટાવિભાગીય કચેરીને કરેલ લેખિત રજૂઆત તા.૨૬.૧૦.૨૦૨૦ મુજબ વીજજોડાણની જરૂર ન હોય નવા કનેકશનની અરજી રદ કરવાની અરજી કરેલ હતી અને ભરેલ એસ્ટીમેટની રકમ પરત આપવા માંગણી કરેલ હતી.

ઉપરોકત ગ્રાહક સાથે એગ્રીમેન્ટ થયેલ હોય સપ્લાય કોડ ૪.૧૦૨ મુજબ ટોટલ ૦૨ વર્ષનો મીનીમમ ચાર્જ ૧૦૦ કેવીએ ની મીનીમમ ૮૫ % લેખે ડીમાંડ ગણી ફીક્ષ ચાર્જ ગણતા રૂ.૧૧૦૭૫*૨૪ = ૨૬૫૮૦૦ વસુલવાનો થાય છે. તેમજ લાઈન ઉભી કરવાનો ખર્ચ (એનેક્ષર-૮) રૂ.૭૫૧૯૨ જેવો વસુલવાનો થાય છે, આમ ગ્રાહક દ્વારા ટોટલ ભરપાઈ કરેલ રકમ રૂ.૪૨૩૦૩૮ માંથી ઉપરોકત બે ચાર્જ બાદ કરતા (૪૨૩૦૩૮ (સર્વિસચાર્જ સહીત) - ૨૬૫૮૦૦ - ૭૫૧૯૨)= ૮૨૦૪૬ જેવું રીફંડ આપવાનું થાય છે. જે કંપની ના નિયમ અને માનનીય જીઈઆરસીની માર્ગદર્શિકા મુજબ જ હિસાબ કરેલ છે અને રીફંડ અંગેની કાર્યવાહી તાત્કાલિક કરવામાં આવશે.

૩.૨ સદર કેસની સુનાવણી તા.૧૩.૦૪.૨૦૨૩ અન્વયે ફોરમ દ્વારા અપાયેલ સુચના મુજબ ઉભી કરવામાં આવેલ લાઈન અને તેમાં આપેલ વીજજોડાણો તેમજ હાલમાં બાકી રહેલ લાઈનના કામ સબબના ખર્ચની માહિતી નીચે મુજબ છે.
કનેક્શન માટે ઉભી કરેલ લાઈનમાં જે કામ થયેલ હતું તે મટીરિયલ ત્યારબાદ રિલીઝ થયેલા નીચે મુજબના ૦૬ કનેકશનમાં વપરાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| સીરીયલ નં | નામ/ગ્રાહક નં | લોડ | રિલીઝ તા. |
|---|---|---|---|
| ૧ | ભાવેશ ગજેરા-૬૧૯૨૯૦૧૫૦૯૭ | ૨૦ | ૨૧-૧૦-૨૦૨૧ |
| ૨ | પ્રમુખ પ્લાસ્ટિક -૬૧૯૨૯૦૧૪૩૦૯ | ૫૦ | ૦૩-૦૪-૨૦૨૧ |
| ૩ | બાબુભાઈ જસમતભાઈ-૬૧૯૨૯૦૧૪૩૫૦ | ૭ | ૨૧-૦૪-૨૦૨૧ |
| ૪ | સ્કાય વેવ ઇન.-૬૧૯૨૯૦૧૩૮૮૪ | ૧૫ | ૨૧-૦૧-૨૦૨૧ |
| ૫ | ખોડીયાર ગૃહ ઉદ્યોગ -૬૧૯૨૯૦૧૪૧૯૮ | ૫૦ | ૦૬-૦૩-૨૦૨૧ |
| ૬ | લોરેનો ઇન.-૬૧૯૨૯૦૧૫૦૭૦ | ૭૫ | ૦૯-૧૨-૨૦૨૧ |

જે મટીરિયલ વધેલ છે તેનુ અંદાજીત ખર્ચ પત્રક આ સાથે સામેલ છે. જે મુજબ ગ્રાહક પાસેથી રૂ.૧૩૧૪૫.૦૪ વસુલ કરવાના થાય છે. જે આપ સાહેબની જાણ તથા આગળની યોગ્ય કાર્યવાહી સારુ

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રીની રજુઆત મુજબ રીબડા ગામ ખાતે કુંવરજીભાઈ મોહનભાઈ બેડીયાના નામથી ૧૦૦ કિ.વો.ના એલ.ટી. વીજજોડાણની માંગણી કરેલ હતી. જે વીજજોડાણ અરજદારને મળવામાં પીજીવીસીએલ દ્વારા વિલંબ થતો હોવાથી અરજદારે ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ રીફંડ મેળવવા માટે સંલગ્ન કચેરીમાં અરજી કરેલ હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.

૪.૨ અરજદારની અરજી તા.૨૬.૦૫.૨૦૨૦ અન્વયે એસ.આર.નં - ૧૨૮૮૬૫૨૯ થી નવા એલ.ટી. ૧૦૦ કીવો માટેની નોંધણી થયેલ છે, જે અન્વયે પીજીવીસીએલ દ્વારા તા.૩૦.૦૫.૨૦૨૦ ના રોજ ભાવપત્રક આપેલ છે જેમાં નીચે મુજબના ચાર્જ વસુલેલ છે.

એગ્રીમેન્ટ ફી : રૂ.૩૦૦=૦૦

ફિક્સ ચાર્જ : રૂ.૧,૦૯,૦૦૦=૦૦

સિક્યોરીટી ડીપોઝીટ : રૂ.૩,૧૪,૦૩૮=૦૦

કુલ રૂ.:૪,૨૩,૩૩૮=૦૦

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

અરજદાર દ્વારા ઉપરોક્ત રકમ તા.૧૫.૦૬.૨૦૨૦ ના રોજ ભરપાઈ કરેલ છે, તેમજ સદર નવા વીજજોડાણ માટેનું એગ્રીમેન્ટ તા.૧૫.૦૬.૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ છે.

૪.૩ પીજીવીસીએલના પત્ર નં નાઈ./પીએસડી/રેવ/૨૮૫૯ તા.૧૮.૦૭.૨૦૨૦ થી અરજદારને રજીસ્ટર એડી ટપાલ દ્વારા સદર વીજજોડાણ અન્વયે જણાવેલ કે “સદર કનેક્શન ઉભી કરેલ લાઈન, નેશનલ હાઈવેની રેન્જમાં આવતી હોય, આ સમસ્યાનું નિરાકરણ થયા બાદજ આપના કનેક્શન માટેની જરૂરી કાર્યવાહી આગળ વધી શકશે.”

૪.૪ ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા તા.૨૬.૧૦.૨૦૨૦ ના રોજ વીજજોડાણમાં વિલંબ થતો હોવાથી વીજજોડાણ લેવા માંગતા નથી, જેથી ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ રીફંડ આપવા અરજદારે પારડી પેટાવિભાગીય કચેરીમાં અરજી આપેલ, પરંતુ રીફંડ આપવાની કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર થયેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૫ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ રજૂઆત તા.૧૧.૦૪.૨૦૨૩ મુજબ સપ્લાય કોડ ૪.૧૦૨ મુજબ એગ્રીમેન્ટ થયેલ હોવાથી ૦૨ વર્ષનો મીનીમમ ચાર્જ ૧૦૦ કીવોના ૮૫ % લેખે ડિમાન્ડ ચાર્જ ગણતા રૂ.૧૧૦૭૫*૨૪=૨,૬૫,૮૦૦/૦૦ વસુલવાના થાય છે તેમજ ઉભી કરવામાં આવેલ લાઈનનો ખર્ચ રૂ.૭૫,૧૯૨/૦૦ ઉમેરતા કુલ રૂ.૩,૪૦,૯૯૨/- વસુલવાના થાય છે, આમ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ કુલ રકમ રૂ.૪,૨૩,૦૩૮/- માંથી રૂ.૩,૪૦,૯૯૨/- બાદ કરતા બાકીની રકમ રૂ.૮૨૦૪૬/- અરજદારને રીફંડ આપવા પાત્ર થાય છે.

૪.૬ અરજદારના સદર વીજજોડાણ અન્વયે પીજીવીસીએલની પેટાવિભાગીય કચેરી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર તા.૧૪.૦૯.૨૦૨૧ મુજબ લાઈન કામ કરેલ છે, તેમાં મુખ્યત્વે નીચે મુજબની કામગીરીનો સમાવેશ થાય છે.

- **PSC Pole – 29 No., TC Set 01 No., Guy 07 No., Earthing 28 No., HT Line 2.52 KM.,**
- **AB Cable-16 Mtr., Dis mentaling HT Line – 2.52 KM., Dis mentaling TC Set – 01 No.**
- **Pole Carting – 32 No.**

૪.૭ સદર કેસની સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા અપાયેલ સુચના મુજબ ઉભી કરવામાં આવેલ ઉપરોક્ત વીજલાઈન માંથી કેટલા વીજજોડાણો રીલીઝ કરવામાં આવેલ છે તેની માહિતી રજુ કરવા પીજીવીસીએલને સુચના આપેલ તે મુજબ ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબની વિગતે કુલ ૦૬ વીજજોડાણો રીલીઝ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતા અરજદારના સદર વીજજોડાણ માટે **PSC Pole – 1 No., TC Set 01 No., Earthing 04 No., HT Line 0.12 KM.** ની કામગીરી મુજબ લેબર કોસ્ટ રૂ.૧૩,૧૪૫=૦૪ ની ગણતરી કરેલ છે.

(A)નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૯/૨૦૦૫ ના ચેપ્ટર ૭ ના ક્લોઝ નં ૭(viii) નીચે મુજબ નોંધાયેલ છે.

"After the payment of deposit as aforesaid and before the completion of work, if the applicant declines to take the supply, the deposit shall be refunded after deducting there-from, actual cost incurred plus 10% of amount of estimate or Rs.20000/- in case of LT/ HT and Rs.50,000/- in case of EHT applicant whichever is less.

However, if the applicant withdraws before starting the work of playing of electric line, erection of electrical plant and creating any other facilities for extending supplied to the applicant seeking new connection, total amount after deducting 5% of amount of estimate or Rs.5000/- whichever is less shall be refunded by the licensee to the applicant."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(B)નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૪.૪૨ મુજબ "On completion of the work, Licensee shall inform to the applicant for availing the power supply and if the applicant fails to avail of the power within the period of sixty days from such intimation, he shall be liable to pay the demand charges and minimum monthly charges as applicable. The Distribution Licensee may, in special circumstances, extend the above period of sixty days."

૪.૮ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારના સદર વીજજોડાણ અન્વયે વીજલાઈન ઉભી કરવાની કામગીરી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પૂર્ણ થયેલ હોય તે અંગે અરજદારને ટી.એમ.એન. નોટીસ આપેલ હોય તેના કોઈ આધાર-પુરાવા ફોરમ સમક્ષ રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારને ભરપાઈ કરેલ રકમ માંથી ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ (A) મુજબ અરજદારને દિવસ-૧૦ માં અત્રેના ફોરમની જાણ હેઠળ રીફંડ આપવાની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| **સભ્ય (સ્વતંત્ર)** | **સભ્ય (ટેકનીકલ)** | **ચેરપર્સન** |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"